સી.એમ.એ. ૦૧/૨૦૧૯

**આંક - ૦૧ લગત હુકમ**

અરજી વંચાણે લીધી, સાંભળ્યા, અરજીમાં જણાવ્યા મુજબ અરજદારે રે.મુ.નં. ૫૬/૨૦૧૭ થી સરસ નરસ નો દાવો તથા મનાઇ હુકમ મેળવવા બાબતે દાવો દાખલ કરેલો સદર દાવો વકિલશ્રી સામાજીક પ્રસંગોના કારણે નામદાર કોર્ટમાં હાજર રહેલા નહી અને કોઇ રીપોર્ટ કે રજુઆત કરવામાં ન આવતા નામદાર કોર્ટે સદર દાવાને ડી.ડી. કરાવાનો હુકમ કરવામાં આવેલ સદર દાવો રીઓપન કરવા હાલની અરજી ગુજારેલ છે. સદર અરજી દાખલ થતા સમાવાળાઓને નોટીસ કરતા નોટીસ બજી ગયેલ છે. સામાવાળા તર્ફે અરજીની વિરૂધ્ધમાં કોઇ વાંધા કે જવાબ રજુ થયેલ નથી. રેકર્ડ ધ્યાને લેતા અરજદારનો દાવો તા. ૨૮/૦૧/૨૦૧૯ ના રોજ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ. જે સબંધે સદર દાવો ફરી ફાઇલે લેવા માટે અરજદારે હાલની અરજી તા. ૨૫/૨/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે. આમ, અરજી સબંધેના કારણો તથા રેકર્ડ ધ્યાને લેતા દાવાનો ગુણદોષ ઉપર ન્યાયીક નિર્ણય થઇ શકે અને અંતીમ સત્ય સંશોધન માટે  હાલની અરજી મંજુર કરવામાં આવે તે સર્વથા યોગ્ય અને વ્યાજબી અને ન્યાયીક છે. દાવો ફરી ફાઇલે લેવાનો હુકમ કરવમાં આવે છે અને વાદીના વિ.વ.શ્રી દર મુદતે હાજર રહીને પુરાવો આપી કામ આગળ ચલાવવાની શરતે હાલની અરજી મંજુર કરી દાવો ફરી ફાઇલે લેવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૨૦ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૧  ના રોજ ખુલી અદાલતમાં જાહેરમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

તા. ૨૦/૦૨/૨૦૨૧

તિલકવાડા

(હેમોરસિંહ મનુભાઇ પરમાર)
પ્રિન્સીપાલ સીવીલ જજ તિલકવાડા
કોડ નં. જી.જે.૦૧૨૭૬